eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 90
February 16, 2007

## લિંબાયત ઝોન ખાતે વરિષ્ઠ નાગરિક સુવિધા કેન્દ્ર તેમજ વહીવટી ભવનનું ઉદ્દઘાટન



સુરત મહાનગરપાલિકા ધ્વારા સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન ખાતે તા. ૧૨–૨–૨૦૦૭ના રોજ મા. મેયરશ્રી એ વરિષ્ઠ નાગરિક સુવિધા કેન્દ્ર તેમજ વહીવટી ભવનનું ઉદઘાટન કર્યુ હતું. આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા કાર્યકારી કમિશનરશ્રી અને ડી.ડી.ઓ. શ્રી વિજય સોનવણે જણાવ્યું હતું કે, સાઉથ ઈસ્ટ ઝોન ખાતે અત્યંત આધુનિક સુવિધાથી સભર વરિષ્ઠ નાગરિક સુવિધા કેન્દ્ર લગભગ રૂા. ૧૭ લાખના ખર્ચે આકાર પામેલ છે તથા નવા વહીવટી ભવન રૂા. ૨ કરોડ ૧૫ લાખના ખર્ચે નિર્માણ પામેલ છે. આ વિસ્તારના નાગરિકોને મહત્તમ સુવિધા પ્રાપ્ત થાય અને કોર્પોરેટ ઈમારત સાથે સરખામણી થઈ શકે તેવા પ્રકલ્પનું ટૂંક સમયમાં નિર્માણ થયેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના સદસ્યોની ત્રિદિવસીય તાલીમ શિબિર



સુરત મહાનગરપાલિકાઓના ચૂંટાયેલા સદસ્યોની નગરપાલિકા વહીવટમાં ભૂમિકા તેમજ વહીવટી પાંખ સાથે સ્નેહભર્યુ સંકલન થાય તેમજ નેતૃત્વ કેળવવાના અભિગમ અને બી.પી.એમ.સી. એકટની જોગવાઈઓની જાણકારી માટે ત્રણ દિવસીય તાલીમ શિબિરનો તા. ૯–૨–૨૦૦૭ના રોજ આરંભ થયો. આ તાલીમ શિબિરનું ઉદઘાટન સુરત મહાનગરપાલિકાના ડે. મેયર શ્રીમતિ ડો. સુષ્માબેન અગ્રવાલના વરદહસ્તે થયેલ, આ પ્રસંગે ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટના કોઓર્ડીનેટરશ્રી વાસુદેવ ત્રિવેદીએ તાલીમ શિબિરનો હેતુ અને ઉદ્દેશ વિશે જાણકારી આપેલ. સુરત મહાનગરપાલિકાના ડે. મેયર શ્રીમતિ સુષ્માબેન અગ્રવાલે તાલીમ શિબિરની શુભેચ્છા પાઠવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા ૩૪મી નાટય સ્પર્ધાનું આયોજન



સુરત મહાનગરપાલિકા ધ્વારા પ્રતિ વર્ષ યોજાતી ત્રિઅંકી નાટય સ્પર્ધા આ વર્ષે તા. ૭–૨–૨૦૦૭ થી તા. ૧૪–૨–૨૦૦૭ દરમ્યાન સરદાર પટેલ સ્મૃતિ ભવન, વરાછા રોડ, સુરત ખાતે યોજાશે. ૩૪મી નાટય સ્પર્ધાની આ શ્રેણીમાં શહેરની કુલ ૮ નાટય સંસ્થાઓના નાટકો સરદાર પટેલ સ્મૃતિ ભવનના તખ્તે રજુ થશે. નાટય સ્પર્ધા તા. ૭–૨–૨૦૦૭ના રોજ મા. મેયરશ્રીના વરદહસ્તે રાત્રે ૮.૪૫ કલાકે ખુલ્લી મુકાશે. તા. ૧૪–૨–૨૦૦૭ના રોજ મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીના વરદહસ્તે નાટય સ્પર્ધાનો સમાપન સમારંભ તથા ઈનામ વિતરણ યોજાશે.

વધુ માટે કલીક કરો >>>>>>

## હોમગાર્ડઝનું ગૌરવ



જિલ્લા કમાન્ડન્ટ, હોમગાર્ડઝ, સુરત ડો. સી. એ. સાવજની એક યાદી જણાવે છે કે ઓફિસર કમાન્ડીગ, હોમગાર્ડઝ, સાયણ નરેન્દ્રસિંહ કે. ઠાકોર જેઓ સુરત મહાનગરપાલિકા, સુરત ખાતે વોચ એન્ડ વોર્ડ શાખામાં નોકરી કરે છે અને છેલ્લા ૩૦ વર્ષથી હોમગાર્ડદળમાં માનદ સેવાઓ બજાવે છે તેઓ તાલીમબધ્ધ છે અને તમામ પ્રકારની કાયદો અને વ્યવસ્થા ફરજો, કુદરતી આફતો જેવી કે ભૂકંપ, પૂર વિગેરે પ્રસંગોએ ઘણી જ સારી સેવાઓ બજાવી છે તે બદલ ગુજરાત રાજયએ તેઓની સેવાઓની કદરરૂપે તા. ૨૬–૧–૨૦૦૭ના પ્રજાસત્તાક દિને મુખ્યમંત્રી મેડલ પોલીસ કમિશ્નર, સુરતના હસ્તે એનાયત કરવામાં આવતાં સુરત જિલ્લા હોમગાર્ડઝમાં આનંદની લાગણી ફેલાઈ હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

# લિંબાયત ઝોન ખાતે વરિષ્ઠ નાગરિક સુવિધા કેન્દ્ર તેમજ વહીવટી ભવનનું ઉદઘાટન



સુરત મહાનગરપાલિકા ધ્વારા સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન ખાતે તા. ૧૨–૨–૨૦૦૭ના રોજ મા. મેયરશ્રી એ વરિષ્ઠ નાગરિક સુવિધા કેન્દ્ર તેમજ વહીવટી ભવનનું ઉદઘાટન કર્યુ હતું. આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા કાર્યકારી કમિશનરશ્રી અને ડી.ડી.ઓ. શ્રી વિજય સોનવણે જણાવ્યું હતું કે, સાઉથ ઈસ્ટ ઝોન ખાતે અત્યંત આધુનિક સુવિધાથી સભર વરિષ્ઠ નાગરિક સુવિધા કેન્દ્ર લગભગ રૂા. ૧૭ લાખના ખર્ચે આકાર પામેલ છે તથા નવા વહીવટી ભવન રૂા. ૨ કરોડ ૧૫ લાખના ખર્ચે નિર્માણ પામેલ છે. આ વિસ્તારના નાગરિકોને મહત્તમ સુવિધા પ્રાપ્ત થાય અને કોર્પોરેટ ઈમારત સાથે સરખામણી થઈ શકે તેવા પ્રકલ્પનું ટૂંક સમયમાં નિર્માણ થયેલ છે. સામાન્ય પ્રજા જયારે આ સુવિધાનો લાભ લેશે ત્યારે તેઓ સરકારી ભવનમાં આવેલ છે. તેવી અનુભૂતિ થશે નહી. વિશેષમાં તેઓએ જણાવ્યું કે, અધિકારીઓ અને કર્મચારીઓમાં પણ બદલાવ આવવો ખૂબ જ જરૂરી છે. સામાન્ય પ્રજાજનોને સામાન્ય અને પાયાની સુવિધા વિના વિલંબે પ્રાપ્ત થાય તેવી કામગીરી કરવી જરૂરી છે. ઉપસ્થિત તમામ મહાનુભાવો તથા પ્રજાજનોનું અભિવાદન કરતા તેમણે ખાત્રી આપી હતી કે, સુરત મહાનગરપાલિકા દરેક વિસ્તારના નાગરિકોને એક સરખી સુવિધા આપવા કટિબધ્ધ છે.




અતિથિવિશેષ પદેથી પ્રચવન કરતા શાસકપક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, છેલ્લા એક વર્ષમાં આગોતરા આયોજનના ભાગરૂપે અનેક પ્રકલ્પોનું સુરત મહાનગરપાલિકા ધ્વારા નિર્માણ કરવામાં આવેલ છે. છેલ્લા દસ વર્ષથી સુરત શહેરે વિકાસમાં હરણફાળ ભરી છે. વિકાસની સાથે ભાવિ આયોજન હાથ ધરવામાં આવેલ તેને સાર્થક કરવાના પ્રયત્નોની આ સાબિતી છે. વહીવટીતંત્ર તેમજ ચૂંટાયેલી પાંખના સંકલન અને સહકારથી અનેક સુવિધાઓ પ્રજાને અર્પણ કરવામાં આવી છે. વરિષ્ઠ નાગરિકોની અનેક સમસ્યા છે. તેનો મહદઅંશે નિકાલ કરવા પ્રાધાન્યરૂપે આ નાગરિક સુવિધા કેન્દ્રમાં હેલ્થ ચેક અપ રૂપ, ગેઈમ રૂમ, રેસ્ટ રૂમ, વાંચનાલય, ટી.વી.ની સગવડ તથા લેડીઝ અને જેન્ટસ ટોયલેટની સુવિધા ઉપલબ્ધ છે. આ વિસ્તારની પ્રજા આ સુવિધાઓનો મહત્તમ લાભ લઈ તેની જાળવણી કરશે એ ખૂબ જ જરૂરી છે.

અતિથિ વિશેષપદેથી પ્રવચન કરતા સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી, રણજીતભાઈ ગીલીટવાલાએ જણાવ્યું હતું કે, મહાનગરપાલિકાએ સુઘડ આયોજન કરી વહીવટી ભવન તેમજ વરિષ્ઠ નાગરિક સુવિધા કેન્દ્રનું નિર્માણ કરેલ છે. ઝોનવાદમાં પડયા વગર તમામ ઝોનના નાગરિકોને પાયાની તેમજ અન્ય સુવિધાઓ મળી શકે તે માટે સુરત મહાનગરપાલિકા કટિબધ્ધ છે. રેવન્યુ તેમજ કેપીટલ ખર્ચની ફાળવણી મહદઅંશે દરેક ઝોનમાં એક સરખી જ કરવામાં આવી છે. કેપીટલ ખર્ચના લક્ષ્યાંક સામે દરેક કામગીરી નિયત સમયમાં પૂર્ણ થાય તે અગત્યનું છે. સેવાઓની સુવાસ ફેલાશે તો આ વહીવટી ભવનનો ખર્ચ સાર્થક થશે. સાથોસાથ સેવા સાથે સંકળાયેલા તમામને તેમની કામગીરી પૂર્ણ કાર્યક્ષમતાથી કરવા અનુરોધ કરેલ હતો.



સમારંભના પ્રમુખશ્રી મા. મેયર ડો. કનુભાઈ માવાણીએ પોતાના પ્રેરક પ્રવચનમાં જણાવ્યું હતું કે, શહેરના વિકાસના પંથમાં આ પ્રકલ્પોનો ઉમેરો થયો છે. આ ઝોનના વિસ્તારના પ્રજાજનોના પ્રશ્નોની વાચા આપવા માટે સનિષ્ઠ પ્રયત્ન કરવામાં આવેલ છે. શહેરનો સમરસ વિકાસ થાય તેવા પ્રયત્નો ખૂબ જ જરૂરી છે. જેથી છેવાડાના માનવીને મહત્તમ લાભ મળી શકે સુવિધાની ઉપલબ્ધિ સાથે સુવિધાની જાળવણી થાય તેવા પ્રયત્નો કરવા ખૂબ જ જરૂરી છે. સુરત મહાનગરપાલિકાનું વહીવટી તંત્ર, ચૂંટાયેલી પાંખ તથા પ્રજાજનોનો સુભગ સહયોગ ખૂબ જ જરૂરી છે. વરિષ્ઠ નાગરિકો માટેની સુવિધા ઉપલબ્ધ કરવી તે વર્તમાન સમયની માંગ છે. '' નિર્મળ ગુજરાત, નિર્મળ સુરત તો ખરૂ જ, પણ નિર્મળ ઝોન–વિસ્તાર '' હશે તો જ નિર્મળ સુરત ગણાશે. પ્રકલ્પોની જાળવણી અને સ્વચ્છતા રહે તે માટે જનતાની જાગૃતિ ખૂબ જ જરૂરી છે. લોકભાગીદારી–સહયોગથી દરેક કાર્ય પૂર્ણ થાય તેવો તેમણે અનુરોધ કરેલ. દરેક ઝોનમાં વરિષ્ઠ નાગરિકો માટે સુવિધા ઉપલબ્ધ થાય તેવા પ્રયત્નો કરવા જણાવ્યું હતું.

લિંબાયત વિસ્તારના સદસ્યશ્રી રાજુભાઈ અગ્રવાલે આભારવિધિ કરેલ હતી. આ પ્રસંગે સુરત મહાનગરપાલિકા ના પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

# સુરત મહાનગરપાલિકાના સદસ્યોની ત્રિદિવસીય તાલીમ શિબિર

સુરત મહાનગરપાલિકાઓના ચૂંટાયેલા સદસ્યોની નગરપાલિકા વહીવટમાં ભૂમિકા તેમજ વહીવટી પાંખ સાથે સ્નેહભર્યુ સંકલન થાય તેમજ નેતૃત્વ કેળવવાના અભિગમ અને બી.પી.એમ.સી. એકટની જોગવાઈઓની જાણકારી માટે ત્રણ દિવસીય તાલીમ શિબિરનો તા. ૯–૨–૨૦૦૭ના રોજ આરંભ થયો. આ તાલીમ શિબિરનું ઉદઘાટન સુરત મહાનગરપાલિકાના ડે. મેયર શ્રીમતિ ડો. સુષ્માબેન અગ્રવાલના વરદહસ્તે થયેલ, આ પ્રસંગે ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટના કોઓર્ડીનેટરશ્રી વાસુદેવ ત્રિવેદીએ તાલીમ શિબિરનો હેતુ અને ઉદ્દેશ વિશે જાણકારી આપેલ. સુરત મહાનગરપાલિકાના ડે. મેયર શ્રીમતિ સુષ્માબેન અગ્રવાલે તાલીમ શિબિરની શુભેચ્છા પાઠવેલ છે.

કેન્દ્ર સરકારના શહેરી વિકાસ મંત્રાલય તથા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સહયોગથી રિજીયોનલ સેન્ટર ફોર અર્બન એન્વાયરમેન્ટ સ્ટડી (RCUES) મુંબઈના ઉપક્રમે સુરત મહાનગરપાલિકાના ચૂંટાયેલા મહિલા સદસ્યો માટેની ત્રણ દિવસીય તાલીમ શિબિર તા. ૯, ૧૦, ૧૧ ફેબ્રુઆરી ૨૦૦૭ના રોજ સુરત મહાનગરપાલિકાની જુના સ્થાયી સમિતિ ખંડમાં યોજાયેલ છે.



આ તાલીમ શિબિરમાં મ્યુનિસિપલ વહીવટમાં ચૂંટાયેલા સભ્યોની ભૂમિકા, ૭૪મો બંધારણીય સુધારો, ટાઉન પ્લાનીંગ, કલીન સીટી, સરકારશ્રીની વિવિધ યોજનાઓ, ગરીબલક્ષી કાર્યક્રમો તથા ગુજરાત મ્યુ. એકટ, મ્યુ. બજેટ, ઘનકચરાના નિકાલ અને વ્યવસ્થાપન, સભા સંચાલનના નિયમ, મહિલાઓને સ્પર્શતા કાયદા, હિસાબી પધ્ધતિ, માહિતી અધિકારનો કાયદો, નાગરિક અધિકાર પત્ર, ચૂંટાયેલ સદસ્યોના કાર્યો–ફરજો અને જવાબદારીઓ વિગેરે વિષયોની તજજ્ઞો ધ્વારા જાણકારી માહિતી અને માર્ગદર્શન આપવામાં આવનાર છે.

શ્રી અર્ચનાબેન બી. દેસાઈ, ડો. અશોકભાઈ શાહ, ઈન્ડેક્ષ–સીના કાર્યવાહક નિયામકશ્રી અને અધિક કલેકટર સુ. શ્રી ભાર્ગવીબેન દવે, સુરત મહાનગરપાલિકાના આસી. કમિશ્નર સર્વશ્રી સી. વાય. ભટ્ટ, આસી. કમિશ્નર (ફા.) શ્રી એસ. એન. મહેતા, શ્રી એસ. એન. માંકડીયા, ચીફ પ્રોજેકટ ઓફિસરશ્રી નરેશ વ્યાસ વગેરે તાલીમાર્થીઓને માર્ગદર્શન પુરૂં પાડશે. સુરત મહાનગરપાલિકાના મહિલા કોર્પોરેટરો ઉત્સાહપૂર્વક આ તાલીમ શિબિરમાં ભાગ લઈ રહેલ છે.

TOP

# સુરત મહાનગરપાલિકા ધ્વારા ૩૪મી નાટય સ્પર્ધાનું આયોજન

સુરત મહાનગરપાલિકા તરફથી ૩૪મી નાટય સ્પર્ધાનું આયોજન તા.૭.૨.૦૭ થી તા.૧૪.૨.૦૭ દરમ્યાન સરદાર પટેલ સ્મૃતિ ભવન ખાતે કરવામાં આવેલ. સુરત શહેરની નાટય સંસ્થાઓના કુલ ૮ નાટકો આ શૃંખલામાં રજુ થયા હતા. સ્પર્ધાના અંતિમ નાટક '' એક છલના નામે જીંદગી'' ના શો બાદ સ્પર્ધાનો સમાપન સમારંભ કમ ઈનામ વિતરણ સમારંભ મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીના પ્રમુખસ્થાને , ડે. મેયર શ્રીમતી સુષ્માબેન અગ્રવાલના અતિથિ વિશેષ પદે યોજાયો હતો. આ પ્રસંગે સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી છાયાબેન ભુવા, ઉપાધ્યક્ષશ્રી દિપકભાઈ આફ્રિકાવાલા કાયદા સમિતિના અધ્યક્ષશ્રી રાજુભાઈ જોળીયા, લાઈટ અને ફાયર સમિતિના અધ્યક્ષશ્રી પ્રવિણભાઈ માળી, રૂગ્ણાલય સમિતિના અધ્યક્ષ ડો. જગદીશભાઈ પટેલ, મ્યુ.સદસ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ, પ્રજાજનો તથા નાટય સંસ્થાના કલાકારો વગેરે હાજર રહયા હતા. વડોદરાથી પધારેલ નિર્ણાયકો તરીકે સર્વ શ્રી કિરણભાઈ દલાલ, શ્રી અવંતિલાલ ચાવલા વિગેરે મંચ પર હાજર રહી સૌ કલાકાર મિત્રોને બિરદાવ્યા હતા. અને મા.મેયરશ્રીએ તેમના ઉદ્દબોધનમાં જણાવ્યું હતું કે, સુરત એક મોજીલુ શહેર છે. અને સુરતની જનતા કલાપ્રેમી અને આનંદપ્રમોદ માણનારી છે. અને ત્યારબાદ નાટય સંસ્થાએ ભજવેલ નાટક અંગે ટીપ્પણી કરતા નિર્ણાયક શ્રીઅવંતિલાલ ચાવલાએ જણાવ્યું હતું કે, ગુજરાતની એક માત્ર મહાનગરપાલિકા સતત ૩૪ વર્ષથી નાટય સ્પર્ધાઓ યોજી સુરત મહાનગરપાલિકા જેવી સંસ્થાઓ આવા ઉગતા કલાકારોને યોગ્ય પ્લેટફોર્મ પુરુ પાડી રહી છે. જયારે જયારે પણ નાટકની વાત નીકળે ત્યારે અમારી ચર્ચામાં સુરત શહેરનો ઉલ્લેખ જરૂર થાય છે. ગુજરાતની રંગભૂમિને જીવંત રાખી હોય તો તેમાં સૂરતના આ કલાકારોનો સિંહફાળો છે. નિર્ણાયકશ્રી કિરણભાઈ દલાલે પરિણામ જાહેર કરતા તેમના ઉદ્દબોધનમાં જણાવ્યં હતું કે, સુરત મહાનગરપાલિકા સંચાલિત આ નાટય સ્પર્ધાનું સ્તર પ્રતિ વર્ષ ઉપર જઈ રહયું છે તે આનંદની વાત છે. સુરત શહેરમાં વડોદરાની જેમ પરફોર્મીગ આર્ટસ જેવી ડ્રામા કે મ્યુઝિકલ કોલેજની વ્યવસ્થા ન હોવા છતાં આપણા કલાકારોએ આ સ્પર્ધામાં ખુબ જ સુંદર દેખાવ કર્યો છે તે નોંધનીય બાબત છે. બરોડાની પરફોર્મીગ આર્ટસના વિદ્યાર્થીઓને સુરતની નાટય સ્પર્ધામાં રજુ થતા નાટકો તેમના અભ્યાસ અર્થે બતાવવા સુરત મોકલવાની રજુઆત કરી હતી. અને સુરત મહાનગરપાલિકાએ અમને નિર્ણાયક તરીકે સેવા આપવાની તક આપી તે બદલ તમામ નિર્ણાયકો વતી સુરત મહાનગરપાલિકાનો આભાર માન્યો હતો. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબનું જાહેર કર્યુ હતું.



| વિજેતાનો ક્રમ | નાટકનું નામ | સંસ્થાનું નામ |
|---|---|---|
| પ્રથમ વિજેતા | એક સપનું બડુ શૈતાની | એચ.કે.આર્ટસ |
| દ્વિતિય વિજેતા | દિલ છે હિંદુસ્તાની | પંકજ પાઠકજી પ્રેઝન્ટસ |
| તૃતિય વિજેતા | સાંઈ સબ કા માલીક | સમાંતર થિયેટર |
| ચતુર્થ વિજેતા | થેકયું બાબા લોચનદાસ | રાજગૃપ થીયેટર એન્ડ પરફોમીંગ આર્ટસ |

| સર્વ શ્રેષ્ઠ પુરૂષ અભિનય | મૂળ નામ | નાટકના પાત્રનું નામ | નાટકનું નામ |
|---|---|---|---|
| | જાવીદ કાઝી | હર્ષદ તન્ના | એક સપનું બડું શૈતાની |

| —: શ્રેષ્ઠ પુરૂષ અભિનય :— | | | |
|---|---|---|---|
| | મૂળ નામ | નાટકના પાત્રનું નામ | નાટકનું નામ |
| (૧) | રાજેશ વજીર | અનિકેત | દિલ છે હિંદુસ્તાની |
| (૨) | શમીન દિવાન | તિમિર | એક છલના નામે જીંદગી |
| (૩) | દેવાંગ જાગીરદાર | લેખક | કાઉન્ટ ડાઉન |
| (૪) | પ્રવિણ પાનપાટીલ | કાન્તા(કાન્તીલાલ) | થેકયું બાબા લોચનદાસ |
| (૫) | રાજેશ પાંડે | દીલાવરી(દીલાવર) | ..."... |
| (૬) | ગીરીશ સોલંકી | ભાગાજી | સાંઈ સબ કા માલીક |
| (૭) | તુષાર ઠક્કર | મનોહર જગીરદાર | ચાલ અઢી પગલાની |

| સર્વ શ્રેષ્ઠ સ્ત્રી અભિનય | મૂળ નામ | નાટકના પાત્રનું નામ | નાટકનું નામ |
|---|---|---|---|
| | દેવી શુકલ | નેહા તન્ના | એક સપનું બડુ શૈતાની |

| —: શ્રેષ્ઠ સ્ત્રી અભિનય :— | | | |
|---|---|---|---|
| (૧) | અનાહિતા જહાંબક્ષ | ઉર્વિ | દિલ છે હિંદુસ્તાની |
| (૨) | મનીષા શુકલ | ગુલ્લો | થેકયું બાબા લોચનદાસ |
| (૩) | ઉર્વષિ ઉપાધ્યાય | બાઈજીબાઈ | સાંઈ સબ કા માલીક |
| (૪) | પ્રિતિ આહીર | સઈદા | ઈસ મઝધારમેં |
| (૫) | દર્શના પારેખ | ચમેલી | થેકયું બાબા લોચનદાસ |
| (૬) | તુલસી દેસાઈ | અસ્મા | દિલ છે હિંદુસ્તાની |
| (૭) | હિના મિસ્ત્રી | અદિતી | એક છલના નામે જીંદગી |

| —: શ્રેષ્ઠ બાળ કલાકાર :— | | | |
|---|---|---|---|
| | મૂળ નામ | નાટકના પાત્રનું નામ | નાટકનું નામ |
| (૧) | અર્જવી વ્યાસ | ઈશાની | કાઉન્ટ ડાઉન |
| (૨) | ધૈવત ઉપાધ્યાય | રાજન | ચાલ અઢી પગલાની |

| —: શ્રેષ્ઠ દિગ્દર્શક :— | | | |
|---|---|---|---|
| | દિગ્દર્શકનું નામ | નાટકનું નામ | સંસ્થાનું નામ |
| પ્રથમ વિજેતા | કપિલ શુકલ | એક સપનું બડુ શૈતાની | એચ.કે.આર્ટસ |
| દ્વિતિય વિજેતા | પંકજ પાઠકજી | દિલ છે હિંદુસ્તાની | પંકજ પાઠકજી,પ્રેઝન્ટસ |
| | વિજેતાનું નામ | નાટકનું નામ | સંસ્થાનું નામ |
| શ્રેષ્ઠ દ્રશ્ય પરિકલ્પના | જાવેદ પરેશ | એક સપનું બડુ શૈતાની | એચ.કે.આર્ટસ |
| શ્રેષ્ઠ સંગીત | સુનીલ ટેલર | સાંઈ સબ કા માલીક | સમાંતર થીયેટર |
| શ્રેષ્ઠ સ્ક્રીપ્ટ | સીતાંશુ યશશ્ચંદ્ર | એક સપનું બડુ શૈતાની | એચ.કે.આર્ટસ |
| શ્રેષ્ઠ પ્રકાશ આયોજન | હિતેશ/હરીશ | સાંઈ સબ કા માલીક | સમાંતર થીયેટર |



ઉપરોકત તમામ વિજેતાઓને સુરત મહાનગરપાલિકા તરફથી પ્રમાણપત્ર, ટ્રોફી તથા રોકડ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. ઈનામ વિતરણના સમારોહના સમાપન પ્રસંગે સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રી છાયાબેન ભૂવાએ, તમામ પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, નાટય સંસ્થાઓ, નિર્ણાયકશ્રીઓ તથા નાટય સ્પર્ધાને સફળ બનાવવામાં સામેલ તમામનો આભાર વ્યકત કર્યો હતો.

TOP

## હોમગાર્ડઝનું ગૌરવ



જિલ્લા કમાન્ડન્ટ, હોમગાર્ડઝ, સુરત ડો. સી. એ. સાવજની એક યાદી જણાવે છે કે ઓફિસર કમાન્ડીંગ, હોમગાર્ડઝ, સાયણ નરેન્દ્રસિંહ કે. ઠાકોર જેઓ સુરત મહાનગરપાલિકા, સુરત ખાતે વોચ એન્ડ વોર્ડ શાખામાં નોકરી કરે છે અને છેલ્લા ૩૦ વર્ષથી હોમગાર્ડદળમાં માનદ સેવાઓ બજાવે છે તેઓ તાલીમબધ્ધ છે અને તમામ પ્રકારની કાયદો અને વ્યવસ્થા ફરજો, કુદરતી આફતો જેવી કે ભૂકંપ, પૂર વિગેરે પ્રસંગોએ ઘણી જ સારી સેવાઓ બજાવી છે તે બદલ ગુજરાત રાજયએ તેઓની સેવાઓની કદરરૂપે તા. ૨૬–૧–૨૦૦૭ના પ્રજાસત્તાક દિને મુખ્યમંત્રી મેડલ પોલીસ કમિશ્નર, સુરતના હસ્તે એનાયત કરવામાં આવતાં સુરત જિલ્લા હોમગાર્ડઝમાં આનંદની લાગણી ફેલાઈ હતી.

TOP